સત્યમેવ જયતે
Government of Gujarat
પી. ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &
કમિશ્નર,પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર.
ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૩૧૩૩
E-mail : spdssa@gmail.com
Tollfree No. : 1800 233 7965
website: www.ssagujarat.org

પત્રક્રમાંક:એસએસએ/ક્યુઈસેલ/૨૦૨૦/ ૯૫૪૮-૯૬૯૯ તા.૦૭/૦૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા:તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા:તમામ
શાસનાધિકારીશ્રી:અમદાવાદ,વડોદરા,સૂરત,રાજકોટ

વિષય : સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં 'શાળા-સલામતી' કાર્યક્રમ અંતર્ગત કરવાની થતી પ્રવૃત્તિઓ બાબત...

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કેન્દ્ર સરકાર દ્વારા PAB-૨૦૧૯માં સૂચવ્યા મુજબ સમગ્ર શિક્ષા દ્વારા શાળાઓમાં અનિચ્છનીય બનાવો/ઘટનાઓ રોકવાના આશય સાથે ચાલુ શૈક્ષણિક વર્ષમાં તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં 'શાળા-સલામતી' કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમ અંતર્ગત તમામ પ્રકારની સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળાઓ(સરકારી, RMSA, મોડેલ સ્કૂલ, મોડેલ ડે સ્કૂલ)માં નીચે મુજબના કાર્યક્રમ યોજવા માટે જણાવવામાં આવે છે.

- તમામ વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો અને વાલીઓ સરળતાથી વાંચી શકે તેવી જગ્યાએ અને તેટલી સાઈઝનું "શાળા-સલામતી પ્રતિજ્ઞા" દર્શાવતું બોર્ડ/વોલ પેઈન્ટીંગ લગાવવાનું રહેશે.
- વિદ્યાર્થીઓ પોતાની ફરિયાદ અથવા અભિપ્રાય આપી શકે તેવી વ્યવસ્થાન ભાગ રૂપે શાળાઓમાં એક સૂચનાપેટી મૂકવાની રહેશે.
- વિદ્યાર્થીઓ માટે જરૂરીયાત મુજબ સલામતીના પરિપ્રેક્ષમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો,આચાર્યશ્રી,એસ.એમ.સી. સભ્યો તેમજ વાલીઓ સાથે માર્ગદર્શન અને પરિસંવાદ/મીટીંગનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

પરિસંવાદ/મીટીંગ માટે નીચેના જેવા મુદ્દાઓની ચર્ચા થઇ શકે.

- વિદ્યાર્થીની શાળામાં નિયમિતતા લાવવા અંગે જાગૃતિ.
- શાળામાં આવવા-જવાના સમયે સલામતી.
- બાળમાનસને જાણવા પ્રયાસ.

- જાતીય સતામણી અંગે જાગૃકતા.
- મૂલ્યલક્ષી શિક્ષણ.
- કન્યા-શિક્ષણ.
- પ્રવાસ-પર્યટન અંગે ધ્યાને રાખવા યોગ્ય બાબતો.

'શાળા-સલામતી' કાર્યક્રમ અંતર્ગત કરવાની થતી પ્રવૃત્તિઓના ખર્ચને પહોંચી વળવા માટે PAB માં મંજૂર થયેલા બજેટમાંથી આ સાથે સામેલ ગ્રાન્ટ ફાળવણી પત્રક મુજબ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓને શાળા દીઠ રૂપિયા ૧૫૦૦/- લેખે ગ્રાન્ટ જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરની કચેરીને ફાળવી આપવામાં આવે છે. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરએ પ્રાથમિક શાળાઓની ગ્રાન્ટ પ્રાથમિક શાળાના SMCના ખાતામાં ફાળવી આપવાની રહેશે તથા માધ્યમિક શાળાઓની ગ્રાન્ટ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને ફાળવી આપવાની રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સરકારી માધ્યમિક શાળા(સરકારી, RMSA , મોડેલ સ્કૂલ, મોડેલ ડે સ્કૂલ)ઓને ગ્રાન્ટ ફાળવી આપવાની રહેશે. શાળા-સલામતી ગ્રાન્ટમાંથી પ્રત્યેક શાળા દ્વારા "સલામતી પ્રતિજ્ઞા" દર્શાવતા બોર્ડ/વોલ પેઈન્ટીંગ અંગે રૂપિયા ૫૦૦/- તથા સૂચનાપેટી અને પરિસંવાદ/મીટીંગ(ચા/કોફી ખર્ચ) અંગે રૂપિયા ૧૦૦૦/- ખર્ચ કરવાનો રહેશે. સદર ખર્ચ PAB - ૨૦૧૯ના પ્રાથમિક શાળાઓ માટે **સ્કુલ સેફટી પ્રાથમિક** 12b,12c અને માધ્યમિક શાળાઓ માટે **સ્કુલ સેફટી માધ્યમિક** 13a અને 13b હેડે ઉધારવાનો રહેશે. ગ્રાન્ટ ફાળવણી અને નિયમાનુસાર ખર્ચ કરી હિસાબ નિભાવવા શાળાઓને આપની કક્ષાએથી જાણ કરવા વિંનતી છે.

P. [signature]
પી.ભારતી ( IAS )

<u>બિડાણ:-</u>

- જિલ્લાવાર પ્રાથમિક શાળા ગ્રાન્ટઓ માટે ફાળવણી પત્રક
- જિલ્લાવાર માધ્યમિક શાળા ગ્રાન્ટઓ માટે ફાળવણી પત્રક
- શાળા-સલામતી પ્રતિજ્ઞા(બોર્ડ કે દીવાલ પર લખવાની વિગત)

<u>નકલ રવાના જાણ સારું:-</u>

- નિયામકશ્રી શાળાઓની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, જુના સચિવાલય, ગાંધીનગર
- ઓ.આઈ.સી.-ગર્લ્સ એજ્યુકેશન, સદર કચેરી

<u>નકલ રવાના જાણ તથા ગ્રાન્ટ ફાળવણી અને તેના ઉપયોગ અંગે આદેશ થવા અર્થે:-</u>

- એફ.એન્ડ એ.ઓ.શ્રી,સદર કચેરી.

# શાળા-સલામતી પ્રતિજ્ઞા

અમે, (શાળાનું નામ)ના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતા-પિતા ભેગા મળી અમારી શાળા બધા માટે સલામત, સુરક્ષિત અને સુખમય સ્થળ બને તે માટેની ખાતરી કરવાની પ્રતિજ્ઞા લઈએ છીએ.

અમે શાળાના વડાને(આચાર્યશ્રી) સહકાર આપવાની પ્રતિજ્ઞા લઈએ છીએ કે જે ,

1. દિવસના અંતે શાળા છોડતી વખતે કોઈ પણ બાળક શાળા પરિસરમાં રહી ના જાય તેની ખાતરી કરીશું.
2. શાળાની વિવિધ પ્રવૃત્તિઓ માટે વિષય શિક્ષક કે અન્ય કર્મચારીને રોકાવાનું થાય તો તે સ્વ-સંમતિથી અને આચાર્ય/શિક્ષકની મંજૂરીથી રોકાશું.
3. અઠવાડિયામાં ઓછામાં ઓછા એકવાર નિયમિતપણે બધા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મળીશું અને વાર્તાલાપ કરીશું.
4. અમે ખાતરી કરીશું કે, શિક્ષકો ખાસ કરીને પ્રાથમિક-વર્ગના વિદ્યાર્થીઓની જરૂરિયાતો અને મુશ્કેલીઓ પ્રત્યે સંવેદનશીલ રહે.
5. અમે શાળાનું વાતાવરણ તંદુરસ્ત, સ્વચ્છ રાખીશું તેમજ બાળકોને માનસિક અને શારીરિક હેરાનગતિ ન થાય તેવું વાતાવરણ આપીશું.
6. કુદરતી તેમજ વિકટ પરિસ્થિતિઓના સંજોગોમાં કેવી રીતે વર્તવું તેની તાલીમ આપીશું.
7. શાળામાં સૂચનાપેટી/POCSO BOX જાળવીશું અને તેમાં આવેલ સૂચનોને નિયમિતપણે ધ્યાને લઇ યોગ્ય કરીશું .

મહત્વના સંપર્ક નંબરની વિગત દર્શાવવી.જેમ કે,

1 – નેશનલ ઈમરજન્સી રિસ્પોન્સ :- 112

2 – બાળકો માટે ચાઈલ્ડ હેલ્પ લાઈન :- 1098

3 – જિલ્લા સિવિલ/રેફરલ હોસ્પિટલ :-

4 – તાલુકા ફાયર સ્ટેશન :-

5 – તાલુકા શિક્ષણાધિકારી :-(પ્રાથમિક/માધ્યમિક ) :-

6 – જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર હેલ્પલાઈન :-

7 _ કન્યાઓ માટે અભયમ હેલ્પલાઈન :-

8 – સમગ્ર શિક્ષા ટોલ-ફ્રી નંબર:-(જિલ્લાનો નંબર):-

9 – આચાર્યશ્રીનું નામ,નંબર :-

# સ્કૂલ સેફટી પ્રોગ્રામ માટે માધ્યમિક શાળાની વિગત

| ક્રમ | જીલ્લાનું નામ | શાળાની સંખ્યા | શાળા દીઠ ફાળવેલ રકમ | કુલ ફાળવેલ રકમ |
|---|---|---|---|---|
| 1 | AHMEDABAD | 38 | 1500 | 57000 |
| 2 | AMRELI | 41 | 1500 | 61500 |
| 3 | ANAND | 15 | 1500 | 22500 |
| 4 | ARAVALLI | 21 | 1500 | 31500 |
| 5 | BANAS KANTHA | 146 | 1500 | 219000 |
| 6 | BHARUCH | 33 | 1500 | 49500 |
| 7 | BHAVNAGAR | 72 | 1500 | 108000 |
| 8 | BOTAD | 29 | 1500 | 43500 |
| 9 | CHHOTAUDEPUR | 71 | 1500 | 106500 |
| 10 | DEVBHOOMI DWARKA | 36 | 1500 | 54000 |
| 11 | DOHAD | 76 | 1500 | 114000 |
| 12 | GANDHINAGAR | 14 | 1500 | 21000 |
| 13 | GIR SOMNATH | 28 | 1500 | 42000 |
| 14 | JAMNAGAR | 41 | 1500 | 61500 |
| 15 | JUNAGADH | 74 | 1500 | 111000 |
| 16 | KACHCHH | 143 | 1500 | 214500 |
| 17 | KHEDA | 22 | 1500 | 33000 |
| 18 | MAHESANA | 16 | 1500 | 24000 |
| 19 | MAHISAGAR | 17 | 1500 | 25500 |
| 20 | MORBI | 49 | 1500 | 73500 |
| 21 | NARMADA | 51 | 1500 | 76500 |
| 22 | NAVSARI | 20 | 1500 | 30000 |
| 23 | PANCH MAHALS | 23 | 1500 | 34500 |
| 24 | PATAN | 40 | 1500 | 60000 |
| 25 | PORBANDAR | 22 | 1500 | 33000 |
| 26 | RAJKOT | 72 | 1500 | 108000 |
| 27 | SABAR KANTHA | 43 | 1500 | 64500 |
| 28 | SURAT | 45 | 1500 | 67500 |
| 29 | SURENDRANAGAR | 88 | 1500 | 132000 |
| 30 | TAPI | 59 | 1500 | 88500 |
| 31 | THE DANGS | 43 | 1500 | 64500 |
| 32 | VADODARA | 20 | 1500 | 30000 |
| 33 | VALSAD | 56 | 1500 | 84000 |
| Grand Total | | 1564 | | 2346000 |

## સ્કૂલ સેફટી પ્રોગ્રામ માટે પ્રાથમિક  શાળાઓની વિગત

| ક્રમ | જીલ્લાનું નામ | શાળાની સંખ્યા | શાળા દીઠ ફાળવેલ રકમ | કુલ ફાળવેલ રકમ |
|---|---|---|---|---|
| 1 | AHMEDABAD | 1216 | 1500 | 1824000 |
| 2 | AMRELI | 785 | 1500 | 1177500 |
| 3 | ANAND | 1047 | 1500 | 1570500 |
| 4 | ARAVALLI | 1271 | 1500 | 1906500 |
| 5 | BANAS KANTHA | 2416 | 1500 | 3624000 |
| 6 | BHARUCH | 941 | 1500 | 1411500 |
| 7 | BHAVNAGAR | 1027 | 1500 | 1540500 |
| 8 | BOTAD | 254 | 1500 | 381000 |
| 9 | CHHOTAUDEPUR | 1289 | 1500 | 1933500 |
| 10 | DEVBHOOMI DWARKA | 655 | 1500 | 982500 |
| 11 | DOHAD | 1734 | 1500 | 2601000 |
| 12 | GANDHINAGAR | 639 | 1500 | 958500 |
| 13 | GIR SOMNATH | 563 | 1500 | 844500 |
| 14 | JAMNAGAR | 762 | 1500 | 1143000 |
| 15 | JUNAGADH | 775 | 1500 | 1162500 |
| 16 | KACHCHH | 1755 | 1500 | 2632500 |
| 17 | KHEDA | 1412 | 1500 | 2118000 |
| 18 | MAHESANA | 1017 | 1500 | 1525500 |
| 19 | MAHISAGAR | 1255 | 1500 | 1882500 |
| 20 | MORBI | 597 | 1500 | 895500 |
| 21 | NARMADA | 738 | 1500 | 1107000 |
| 22 | NAVSARI | 755 | 1500 | 1132500 |
| 23 | PANCH MAHALS | 1451 | 1500 | 2176500 |
| 24 | PATAN | 831 | 1500 | 1246500 |
| 25 | PORBANDAR | 322 | 1500 | 483000 |
| 26 | RAJKOT | 990 | 1500 | 1485000 |
| 27 | SABAR KANTHA | 1271 | 1500 | 1906500 |
| 28 | SURAT | 1353 | 1500 | 2029500 |
| 29 | SURENDRANAGAR | 911 | 1500 | 1366500 |
| 30 | TAPI | 856 | 1500 | 1284000 |
| 31 | THE DANGS | 395 | 1500 | 592500 |
| 32 | VADODARA | 1173 | 1500 | 1759500 |
| 33 | VALSAD | 1048 | 1500 | 1572000 |
| Grand Total | | 33504 | | 50256000 |